# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨૧ તા.૦૧-૦૩-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- FLNની કામગીરી અંગે તથા શાળાનો સમય રાબેતા મુજબ કરવા બાબત
સંદર્ભ:- (૧) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ પરિપત્ર નં.૮૩ તા.૧૪-૧૧-૨૦૨૨
(૨) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ પરિપત્ર નં. ૮૯ તા.૨૩-૧૧-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,

૧. સંદર્ભ-(૧) અને સંદર્ભ-(૨)થી મ્યુનિ. શાળાઓમાં સવારની પાળીની શાળાઓએ શાળા સમય બાદ અને બપોર પાળીની શાળાએ શાળા સમય પહેલાં એક કલાક વધારે સમયદાન એટલે કે ૩ લાખ ૨૪ હજાર કલાક આપીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ' અંતર્ગત વિદ્યાર્થીઓની શાળામાં સરેરાશ હાજરીમાં ૨૫% અને FLNમાં જૂજ વર્ગોને બાદ કરતા તમામ શાળાઓમાં અપેક્ષિત અધ્યયનસ્તરમાં ૯૫% આસપાસના લક્ષ્યાંકો પ્રાપ્ત થયેલ છે. સ્લો લર્નર, વાલીના સ્થળાંતરના લીધે ખૂબ જ જૂજ કહી શકાય તેટલા બાળકોમાં લર્નિંગ લોસ જણાય છે. જે રાબેતા મુજબના શૈક્ષણિક સમયમાં પ્રયાસ કરીને અપેક્ષિત અધ્યયન સ્તર પ્રાપ્ત કરે તે માટે આયોજનયુક્ત પ્રયાસ કરીએ.

'ટીમ સ્કૂલ બોર્ડ'ના અથાગ પ્રયાસોથી ઉપરોક્ત પરિણામોના યશના ભાગીદાર સાચા અર્થમાં મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકો અને શિક્ષકો છે. આગામી સમયમાં આપના અથાગ પ્રયાસો જારી રાખી અંત્યોદય અને સર્વોદયની પ્રગતિમાં આપનો સિંહ ફાળો મળી રહેશે એ માટે શુભેચ્છાઓ.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના સંદર્ભ-(૧) અને સંદર્ભ-(૨) પરિપત્રથી મ્યુનિ. શાળાઓમાં સવારની પાળીની શાળાઓએ શાળા સમય બાદ અને બપોર પાળીની શાળાએ શાળા સમય પહેલાં એક કલાક વધારે સમય આપીને FLNની કામગીરી કરવા જણાવેલ હતું, તેને આથી રદ કરી વધારાના એક કલાકમાંથી મુક્તિ આપવામાં આવે છે.

૨. પરિપત્ર નં.૯૪ તા.૧૨-૧૨-૨૦૨૨ મુજબ શિયાળો પુરો થતા આજથી એટલે કે તા.૦૧-૦૩-૨૦૨૩ થી તમામ શાળાઓનો સમય રાબેતા મુજબ કરવા જણાવવામાં આવે છે. આ અંગેની જાણ શાળાના નોટીસ બોર્ડ પર મુકી બાળકો, એસ.એમ.સી.સભ્યો અને વાલી ગણને જાણ કરવા જણાવવામાં આવે છે.

તા. ૦૧-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી